सत्यमेव जयते

| | |
|---|---|
| **GJAM020022092022** | પ્રાપ્તિ તારીખ :– ૧૧/૦૭/૨૦૨૨<br>નોંધ્યા તારીખ :– ૧૧/૦૭/૨૦૨૨<br>ફેંસલ તારીખ :– ૦૯/૦૬/૨૦૨૬<br>સમયગાળો :– <u>વર્ષ</u> <u>માસ</u> <u>દિવસ</u><br>૦૩ ૧૦ ૨૯ |

**અમરેલીના મહે. પ્રિન્સીપાલ સિનીયર સિવીલ જજ અને એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ (શ્રી એસ. આર. મુલતાની) સાહેબની કોર્ટમાં, મુ.અમરેલી.**

**ફોજદારી કેસ નં. ૧૭૧૨/૨૦૨૨**
**આંક : ૭૧**

**શ્રી સરકાર**

(અમરેલી રૂરલ પો.સ્ટે. ફ. ગુ.ર.નં. ૧૧૧૯૩૦૦૪૨૨૦૪૧૭/૨૦૨૨)

.........ફરિયાદી

**<u>વિરૂધ્ધ</u>**

**૧. સુનીલભાઈ સ/ઓ વિરજીભાઈ વરજાંગભાઈ સોલંકી**

ઉ.વ. ૩૭, ધંધો : મજુરી,
રહે. રાજકોટ, આજીડેમ, જી.આઈ.ડી.સી. પાણીના
ટાંકાની નીચે આનંદનગર શેરી નં.૩ તા.જી. રાજકોટ,
મુળ ગામ – નાની ફાફણી, તા. કોડીનાર, જી. ગીરસોમનાથ.

**૨. અજયભાઈ સ/ઓ નાથાભાઈ ટપુભાઈ સોલંકી**

ઉ.વ. ૨૨, ધંધો : મજુરી,
રહે. રાજકોટ, આજીડેમ, જી.આઈ.ડી.સી. પાણીના
ટાંકાની નીચે આનંદનગર શેરી નં.૩ તા.જી. રાજકોટ,

૩. **પ્રવિણભાઇ સ/ઓ ચંદુભાઇ પોપટભાઇ સોલંકી**
ઉ.વ. ૧૯, ધંધો : મજુરી,
રહે. રાજકોટ, આજીડેમ, જી.આઇ.ડી.સી. પાણીના
ટાંકાની નીચે આનંદનગર શેરી નં.૩ તા.જી. રાજકોટ,
મુળ ગામ – વાંકીયા, તા. જી. અમરેલી.

૪. **જેન્તીભાઇ સ/ઓ કાંતિભાઇ ટપુભાઇ વાઘેલા**
ઉ.વ. ૩૨, ધંધો : મજુરી (ભંગારની ફેરી)
રહે. અમરેલી, પ્રતાપપરા નાના આંકડીયા રોડ,
તા. જી. અમરેલી.

.......આરોપીઓ

---

**ગુન્હો :– ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ – ૩૮૦, ૪૫૪, ૪૫૭, ૧૧૪ મુજબ.**

---

**ફરિયાદપક્ષે** – વિધ્વાન એ.પી.પી.શ્રી એસ.જી.પંજવાણી
**આરોપી નં. ૧ થી ૩ તરફે** – વિધ્વાન વકીલ શ્રી જે.સી.ઠાકર
**આરોપી નં.૪ તરફે** – વિધ્વાન વકીલ શ્રી એસ.એ.ડાભી

---

## –: ઠ રા વ :–

**ફરિયાદપક્ષના કેસની ટુંકમા હકીકત :–**

(૧) **ફરિયાદપક્ષની ટુંકમા હકીકત એવી છે કે,** તા. ૦૬/૦૫/૨૦૨૨ ના ક. ૦૧:૦૦ થી ક. ૦૭:૩૦ વાગ્યા દરમ્યાન મોજે રાંઢીયા મુકામેથી લુણીધાર તરફ જવાના રસ્તે આ કામના આરોપીઓએ ફરીયાદીની રાંઢીયા લુણીધાર તરફ જવાના રસ્તે બુટવાળુ નામની ખેતીની જમીનમાં મોડી રાત્રીના ગેરકાયદેસર ગુપ્ત ગૃહ અપપ્રવેશ કરી વાડીમાં ફરીયાદીનુ પાકુ ઓસરી ઉતાર મકાનની ઓસરીમાં ચારેય બાજુ જાળી ફીટ કરી ફરીયાદીએ રાખેલ આશરે ૮૦ મણ જેટલું લસણ જેની કિં.રૂા. આશરે રૂપિયા ૪૦,૦૦૦/– હજાર જેટલી ગણાય જે લસણ ને વાહનમાં ભરી ચોરી કરી લઇ જઇ ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી આરોપીઓએ ગુન્હો

કરેલ હોઈ જેથી આ કામના આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ : ૩૮૦, ૪૫૪, ૪૫૭, ૧૧૪ મુજબના ગુનાની ફરીયાદ અમરેલી રૂરલ પોલીસ સ્ટેશન ફ. ગુ.ર.નં. ૪૧૭/૨૦૨૨ થી નોંધાયેલ. જે અંગે તપાસ કરનાર અમલદારે ચાર્જશીટ કરતા હાલનો કેસ ઉપિસ્થત થયેલ છે.

(૨) સદર કામે આરોપીઓ વિરુધ્ધ ગુન્હો નોંધાતા તપાસ કરનાર અમલદારે ગુન્હાની તપાસ હાથ ધરેલી અને તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો બનતો હોય ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૭૩(૨) મુજબનુ ચાર્જશીટ રજૂ રાખેલ છે.

**<u>ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે કેસ પેપર્સની નકલો બાબત :–</u>**

(૩) ત્યારબાદ આ કામે તપાસ કરનાર અમલદારે અદાલતમાં ચાર્જશીટ રજુ કરતા, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ – ૧૯૦(૧)(બી) પ્રમાણે આરોપીઓ સામેના ગુન્હાનું કોગ્નીઝન્સ લઈ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૪ અન્વયે સમન્સ કાઢવામાં આવેલ અને આરોપીઓ હાજર થતાં, તેઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ હતી. ત્યારબાદ **આંક–૩૪** થી આરોપીઓ વિરુધ્ધ **તહોમતનામું** ફરમાવી **આંક–૩૫** થી **આંક–૩૮** સુધીથી **આરોપીઓની પ્લી** નોંધતા આરોપીઓએ તેઓની સામેના ગુનાનો ઈન્કાર કરેલ હતો, જેથી આરોપીઓ સામે ઈન્સાફી કાર્યવાહી ખુલ્લી અદાલતમાં આગળ ચલાવવામાં આવેલ છે.

**<u>ફરિયાદપક્ષના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા બાબત :–</u>**

(૪) સદર કામે ફરિયાદપક્ષ તરફે નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ રાખવામાં આવેલ છે :–

**<u>–: મૌખિક પુરાવા :–</u>**

| ક્રમ | સાહેદ | | આંક |
|---|---|---|---|
| ૧ | ફરીયાદી | પોપટભાઇ વીરજીભાઇ ઉધાડ ની સોગંદ પરની જુબાની | ૪૮ |

| | | | |
|---|---|---|---|
| ૨ | સાહેદ | જીવીબેન પોપટભાઇ ઉધાડની સોગંદ પરની જુબાની | ૫૬ |
| ૩ | સાહેદ | જેન્તીભાઇ વીરજીભાઇ ઉધાડ ની સોગંદ પરની જુબાની | ૫૭ |
| ૪ | સાહેદ | જાવીદભાઇ કાદરભાઇ ચૌહાણ ની સોગંદ પરની જુબાની | ૬૫ |
| ૫ | સાહેદ/ ત.ક.અ. | જવસીંગભાઇ ખેતાભાઇ ડામોર ની સોગંદ પરની જુબાની | ૬૬ |

## -: દસ્તાવેજી પુરાવા :-

| ક્રમ | દસ્તાવેજો | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૪૯ |
| ૨ | ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ | ૬૧ |
| ૩ | આરોપીઓ પાસેથી મુદામાલ કબજે કર્યાનુ પંચનામુ | ૬૨ |
| ૪ | આરોપીઓને અટક કરી મુદામાલ કબજે કર્યા અંગેનુ પંચનામુ | ૬૩ |
| ૫ | આરોપીને અટક કર્યા નું પંચનામુ | ૬૪ |
| ૬ | ડેપ્યુટ હુકમ | ૬૭ |

## ક્રિ.પ્રો.કોડની કલમ - ૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન :-

(૫) ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા વધુ પુરાવો રજુ ન કરવા અને ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા અંગે મૌખિક રજૂઆત કરવામાં આવેલ. ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધ રેકર્ડ ઉપર અંશત: પણ પુરાવો ન હોય, આરોપીઓનું સી.આર.પી.સી. કલમ-૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

## દલીલો :-

(૬) ત્યારબાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એસ.જી.પંજવાણી તેમજ આરોપી નં. ૧ થી ૩ તરફે વિ.વકીલ શ્રી જે.સી.ઠાકર તથા આરોપી

નં. ૪ નાઓ તરફે એસ.એ.ડાભી નાઓની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે જે ધ્યાને લીધેલ છે.

**(૭) ઉપરોક્ત ચર્ચાને આધારે સદર કેસમાં નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપિસ્થત થયા છે :–**

**<u>–: મુદા :–</u>**

૧. **શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર પુરવાર કરે છે કે,** તા. ૦૬/૦૫/૨૦૨૨ ના ક. ૦૧:૦૦ થી ક. ૦૭:૩૦ વાગ્યા દરમ્યાન મોજે રાંઢીયા મુકામેથી લુણીધાર તરફ જવાના રસ્તે આ કામના આરોપીઓએ ફરીયાદીની રાંઢીયા લુણીધાર તરફ  જવાના રસ્તે બુટવાળુ નામની ખેતીની જમીનમાં મોડી રાત્રીના ગેરકાયદેસર ગુપ્ત ગૃહ અપપ્રવેશ કરી વાડીમાં ફરીયાદીનુ પાકુ ઓસરી ઉતાર મકાનની ઓસરીમાં ચારેય બાજુ જાળી ફીટ કરી ફરીયાદીએ રાખેલ આશરે ૮૦ મણ જેટલું લસણ જેની કિં.રૂા. આશરે રૂપિયા ૪૦,૦૦૦/– હજાર જેટલી ગણાય જે લસણ ને વાહનમાં ભરી ચોરી કરી લઈ જઈ ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી આરોપીઓ એ ગુન્હો કરેલ હોઈ જેથી આ કામના આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ : ૩૮૦, ૪૫૪, ૪૫૭, ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

**(૭.૧) ઉપરોક્ત મુદાઓ માટેના અત્રેની કોર્ટના નિર્ણયો અને કારણો નીચે મુજબ છે : –**

મુદા નં. ૧ :– નકારમાં.

મુદા નં. ૨ :– આખરી હુકમ મુજબ.

(૮) <u>:: નિર્ણય માટેના કારણો ::</u>

<u>મુદ્દા નં. ૦૧ ની ચર્ચા :</u>

**(૮.૧) સદર કામે ફરિયાદપક્ષે જે લેખિત તેમજ મૌખિક પુરાવાઓ રજુ રાખેલ છે જેમાં સૌ પ્રથમ ફરિયાદપક્ષ તરફે આંક–૪૮** થી **ફરીયાદી – પોપટભાઈ વીરજીભાઈ ઉધાડ** નાઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં મુખ્યત્વે જણાવેલ છે કે, ''હું રાંઢીયા મુકામે મારા પરીવાર સાથે રહુ છુ. અમોએ આજથી ૩ વર્ષ પહેલા ફરીયાદ આપેલી અમો ફરીયાદી ખેતીનુ કામકાજ કરી અમારા પરીવારનુ ગુજરાન ચલાવીએ છીએ. મારી ગામના બુટવાળા ખેતરમાં દસ વીઘાની વાડી આવેલ છે તેમાં ૨ વીઘામાં ડુંગળી, ૨ વીઘામાં લસણ અને ૬ વીઘામાં ચણાનું વાવેતર કરેલ. મેં મારી વાડી એમ.પી. ના મજુરીને ભાગીયા તરીકે મે વાવવા માટે આપેલી અને આ વાડીમાં ભાઈ અને એક બહેન ખેતીકામ કરતા હતા અને આ ફરીયાદ આપ્યા પહેલા દોઢ માસ પહેલા આ મજુર તેમના વતન એમ.પી.માં જતા રહેલા. અમારી વાડીમાં ખેતરનો પાક થતા અમોએ લસણ આશરે ૮૦ મણ જેટલુ કોથળામાં ભરીને વાડીએ મુકેલુ હતુ અને મારી વાડીએ અવારનવાર જતો હતો. અમોએ લસણનો ભાગ પાડેલ ન હતો અને મારો ભાગીયો લસણ કાઢેલ તે જ દિવસે તેમના વતન જતો રહેલ. રાત્રીના એક વાગ્યે હુ તથા મારો નાનો ભાઈ જયંતિ વાડીએ હતા અને તે ખેતરમાં ૨૫ જેટલા કોથળા ભરેલા હતા અને તે જ સ્થિતિમાં હતા આ કોથળા જોઈને અમો ઘરે જતા રહેલા. બીજા દિવસે સવારના ૮–૩૦ વાગ્યે મારી વાડીની બાજુમાં બીજી વાડી આવેલી છે તેમાં હુ પાણી વાળતો હતો અને પાણી વાળ્યા બાદ હું મારી વાડીએ ગયેલો ત્યારે અમારુ લસણ વેરવિખેર હાલતમાં હતુ અને લસણના કોથળા ચોરાઈ ગયેલા હતા, લસણના કોથળા ચોરાઈ ગયેલા તેની કિં. આશરે ૪૦,૦૦૦/– ની હતી. અમોએ જેથી આજુબાજુમાં તપાસ કરેલી પરંતુ સદર લસણના ચોરાયેલા કોથળા મળી આવેલા નહી અને અમારા ખેતરમાંથી અજાણ્યા ઈસમો ચોરી કરીને સદર લસણ ચોરી ગયા હોય તે મતલબની ફરીયદ આપેલી મને ફરીયાદની ખરી નકલ બતાવવામા આવે છે તે જોઈને કહુ છુ કે તેમા મારી સહી છે જે રજુ દાખલ આંક–૪૯ આપવામાં આવે છે. આરોપીઓ

કોણ છે તે હુ ઓળખતો નથી. અમારુ ચોરાયેલ લસણમાંથી અમોને ૧૮ મણ લસણ પરત મળી ગયેલ છે અને બાકીના લસણ બાબતે અમારે કોઈ ભવિષ્યમાં વાંધો કે તકરાર નથી. અમોને સદર મુદામાલ બતાવવામા આવે તો અમો ઓળખી શકીએ. અમારે આરોપીઓ સાથે રાજીખુશીથી સમાધાન થઇ ગયેલ છે. આરોપી કોણ છે તેને હુ ઓળખતો નથી.''

સદર કામે આરોપી નં. ૧ થી ૩ નાઓ તરફે સાહેદની લેવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે બનાવ સમયે હુ ઘરે હતો બનાવ રાત્રીના બનેલો ચોરી કોણે કરેલ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે અમોએ માત્ર પોલીસ ફરીયાદ આપેલી. એ વાત ખરી છે કે ફરીયાદ કરવા ગામના સરપંચ તથા આગેવાનો આવેલ અને તે વખતે તેઓએ ફરીયાદ લખાવેલી અને મને સહી કરવાનુ કહેતા મે ફકત ફરીયાદમાં સહી કરેલી. એ વાત ખરી છે કે મને ચોરાઇ ગયેલ મુદામાલ લસણ પરત મળી ગયેલ છે.

સદર કામે આરોપી નં. ૪ નાઓ તરફે સાહેદની લેવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે બનાવ રાત્રીના બનેલો, કોણે ચોરી કરેલ તેની મને ખબર નથી.''

**(૮.૨)** ફરિયાદપક્ષ તરફે આંક–૫૬ થી સાહેદ – જીવીબેન પોપટભાઇ ઉધાડ નાઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં મુખ્યત્વે જણાવેલ છે કે, ''બનાવ આજથી આશરે ત્રણ–ચાર વર્ષ પહેલા રાત્રીના બનેલો. બનાવની હકીકત એવી છે કે, અમારી વાડીએ ડુંગળી તથા લસણ તથા ચણાનુ વાવેતર થયેલ હતુ જે અમારા ભાગીયા તેમના વતન જતા રહેલ હોય જેથી લસણ પાકી જતા અમોએ અમારી વાડીએ પાકુ ઓસરી ઉતાર મકાન બનાવેલ હોય ત્યાં મકામાં લસણ સાફ–સફાઈ કરીને કંતાનના આશરે ૨૬ કોથળામાં ભરેલ હતુ જેનુ ધ્યાન હુ તથા મારા પતિ રાખતા હતા બાદ મારા પતિ સવારે વાડીએથી ઘરે આવતા મને વાત કરેલ કે આપણી વાડીએ રાખેલ લસણ કોઈ જાળી ઉચકાવી તેમાંથી કોથળા કાઢી રાત્રીના ચોરી કરી ગયેલ છે જેથી હુ વાડીએ જતા મને ચોરી થયેલાની હકીકત ની ખબર પડેલી અને કોઈ

ચોર ઈસમ ચોરી કરી ગયેલ હતો અને લસણ વેર–વિખેર હાલતમાં પડેલ હતુ અને આજુ–બાજુ તપાસ કરતા કયાય પતો લાગેલ ન હતો. સદર બનાવની ફરીયાદ મારા પતિ એ નોંધાવેલી જે બાબતે પોલીસે મારો જવાબ લીધેલો.''

સદર કામે બચાવપક્ષ તરફે સાહેદની લેવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે બનાવ વિશે મને કોઈ અંગત માહીતી નથી. એ વાત ખરી છે કે પોલીસ મારી પાસે આવેલી અને મારૂ નામ, ઠામ અને સરનામુ પુછેલ અને આ સિવાય મે કાંઈ લખાવેલુ નથી.''

(૮.૩) ફરિયાદપક્ષ તરફે આંક–૫૭ થી સાહેદ – જેન્તીભાઈ વીરજીભાઈ ઉધાડ નાઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં મુખ્યત્વે જણાવેલ છે કે, ''બનાવ આજથી આશરે ત્રણ–ચાર વર્ષ પહેલા રાત્રીના બનેલો. બનાવની હકીકત એવી છે કે, અમારી વાડીએ ડુંગળી તથા લસણ તથા ચણાનુ વાવેતર થયેલ હતુ જે અમારા ભાગીયા તેમના વતન જતા રહેલ હોય જેથી લસણ પાકી જતા અમોએ અમારી વાડીએ પાકુ ઓસરી ઉતાર મકાન બનાવેલ હોય ત્યાં મકાનમાં લસણ સાફ–સફાઈ કરીને કંતાનના આશરે ૨૬ કોથળામાં ભરેલ હતુ જેનુ ઘ્યાન મારો ભાઈ તથા મારા ભાભી રાખતા હતા બાદ મારા ભાઈ સવારે વાડીએથી ઘરે આવતા મને વાત કરેલ કે આપણી વાડીએ રાખેલ લસણ કોઈ જાળી ઉચકાવી તેમાંથી કોથળા કાઢી રાત્રીના ચોરી કરી ગયેલ છે જેથી હુ વાડીએ જતા મને ચોરી થયેલાની હકીકત ની ખબર પડેલી અને કોઈ ચોર ઈસમ ચોરી કરી ગયેલ હતો અને લસણ વેર–વિખેર હાલતમાં પડેલ હતુ અને આજુ–બાજુ તપાસ કરતા કયાય પતો લાગેલ ન હતો. સદર બનાવની ફરીયાદ મારા ભાઈ એ નોંધાવેલી જે બાબતે પોલીસે મારો જવાબ લીધેલો.''

સદર કામે બચાવપક્ષ તરફે સાહેદની લેવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે બનાવ વિશે મને કોઇ અંગત માહીતી નથી. એ વાત ખરી છે કે પોલીસ મારી પાસે આવેલી અને મારૂ નામ, ઠામ અને સરનામુ પુછેલ અને આ સિવાય મે કાંઇ લખાવેલુ નથી.''

(૮.૪) ફરિયાદપક્ષ તરફે આંક-૬૫ થી સાહેદ - જાવીદભાઇ કાદરભાઇ ચૌહાણ નાઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં મુખ્યત્વે જણાવેલ છે કે, ''હું સને-૨૦૨૨ ની સાલમાં એલ.સી.બી. ઓફીસમાં ફરજ પર હાજર હતો ત્યારે ખાનગી રાહે બાતમી મળેલી કે મિલકત સંબંધે ગુનો આચરવા અંગે ઈસમો એક બોલેરા ગાડીમાં શંકાસ્પદ હાલતમાં જતા હોય જેથી બાતમી મુજબની બોલેરો સાવરકુંડલા બાયપાસ ચોકડીએ નીકળતા તેને ઉભી રાખી પંચો રૂબરૂ ચેક કરતા આ બોલેરો ની ડ્રાઈવર સીટ પર બેસેલ ઈસમને નામ-ઠામ પુછતા તેણે પોતાનુ નામ સુનિલભાઈ વીરજીભાઈ સોલંકી જણાવેલુ તેઓની અંગઝડતી કરતા તેના ખિસ્સામાંથી સંમસંગ કંપનીનો એક મોબાઈલ મળી આવેલો જેની કિ. રૂા.૫૦૦/- ગણી કબ્ઝે કરવામાં આવેલ ત્યાર બાદ બીજા ઈસમને પુછતા તેણે પોતાનું નામ અજયભાઈ નાથાભાઈ સોલંકી અને ત્રીજા ઈસમને નામ પુછતા તેણે પોતાનુ નામ પ્રવિણભાઈ ચંદુભાઈ સોલંકી જણાવેલ તેઓના કબ્જામાંથી બોલેરો ગાડીમાં ભરેલ લસણની ગુણી કુલ નંગ-૨૫ મળી આવેલ જે બાબતે તેઓ સંતોષકારક ખુલાસો નહી કરતા જેની કિ. રૂા.૧૦,૦૦૦/- ગણી તેમજ બોલેરોની કિ. રૂા. ૭,૦૦,૦૦૦/- ગણી કબ્જે કરવામાં આવેલ આ લસણની ગુણીઓ વિશે પુછતા તેણે લુણીધાર ગામેથી વાડીની ઓરડીમાંથી આ ગુણીઓ ચોરી કરેલ હોવાની કબુલાત આપેલ હોય આ તમામ મિલકત સી.આર.પી.સી. કલમ-૧૦૨ મુજબ કબ્જે કરી આરોપીની

કલમ–૪૧(૧)(ડી) મુજબ અટક કરવામાં આવેલ જે અંગેનું પંચનામુ પંચોના લખાવ્યા મુજબનુ લખી લેવામાં આવેલ અને તેની નીચે મે રૂબરૂ તરીકે સહી કરેલી. મને આંક–૬૪ વાળું પંચનામુ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે તેમાં મારી તથા પંચોની સહીઓ છે જે ઓળખી બતાવુ છુ.''

સદર કામે બચાવપક્ષ તરફે સાહેદની લેવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે, ''એ વાત ખરી નથી કે આ પંચનામુ ફકત શંકાના આધારે કરેલ છે. એ વાત ખરી છે કે બોલેરોની આર.સી. બુક મે કબ્જે કરેલ નથી. એ વાત ખરી નથી કે પંચનામુ મે તૈયાર કરી પાછળથી પંચોની સહીઓ લીધેલ છે. એ વાત ખરી છે કે પંચ નં.૧ ચાંદનીચોક અમરેલીના રહેવાસી છે જે બનાવવાળી જગ્યાએથી ત્રણ થી ચાર કિ.મી. દુર આવેલ છે. એ વાત ખરી છે કે પંચ નં.૨ સાવરકુંડલા રોડ હીરાનગરના રહેવાસી છે જે બનાવવાળી જગ્યાએથી બે કિ.મી. દુર આવેલ છે. એ વાત ખરી છે કે ફરીયાદ અનુસાર બનાવ રાત્રીના બનેલ છે.''

**(૮.૫)** ફરિયાદપક્ષ તરફે આંક–૬૬ થી સાહેદ/ત.ક.અમલદાર – જવસીંગભાઈ ખેતાભાઈ ડામોર નાઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં મુખ્યત્વે જણાવેલ છે કે, ''હું સને–૨૦૨૨ ની સાલમાં તા.પો. સ્ટે. અમરેલીમાં એ.એસ.આઈ. તરીકે મારી ફરજ પર હાજર હતો ત્યારે પી.એસ.ઓ. ભુમિકાબેન ડી દેત્રોજા દવારા અમરેલી તા. પો. સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૦૪૧૭/૨૦૨૨ ઈ.પી.કો. કલમ–૩૮૦,૪૫૪ વિ. અંગેની ગુનાની તપાસ મને સોંપતા મે તપાસ સંભાળેલી જે અંગેનો ડેપ્યુટ હુકમ આજરોજ રજુ રાખુ છુ જેને રજુ દા.આંક–૬૭ આપવામાં આવે છે. તપાસ સંભાળ્યા બાદ પંચોના લખાવ્યા મુજબ ગુનાવાળી જગ્યાએ જઈ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલ. મને આંક–૬૧ વાળું ગુનાવાળી જગ્યાનું પંચનામુ બતાવવામા આવે છે તે

જોઈને કહુ છુ કે તેમાં મારી તથા પંચોની સહીઓ છે જે ઓળખી બતાવુ છુ. ત્યાર બાદ આરોપીઓ વિરૂઘ્ધ અટક કરવા જેવો પુરતો પુરાવો મળી આવેલ હોય તા.૧૫/૦૫/૨૦૨૨ ના રોજ તેમજ તા.૨૪/૦૫/૨૦૨૨ ના રોજના પંચનામાની વિગતે આરોપીઓની અટક કરી તેમજ મુદામાલ કબ્જે કરવામાં આવેલ જે અંગેના આંક–૬૨ અને ૬૩ વાળા આરોપી અટક કર્યા અંગેના પંચનામા પંચોના લખાવ્યા મુજબ લખવામાં આવેલા જે પંચનામામાં મારી તથા પંચોની સહીઓ છે જે હુ ઓળખી બતાવુ છુ. ત્યાર બાદ આગળની તપાસ પી.એસ.આઈ. ડી.બી.ચૌધરીનાઓએ કરેલી અને આરોપીઓ વિરૂઘ્ધ પુરતો પુરાવો મળી આવતા નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ.''

સદર કામે બચાવપક્ષ તરફે સાહેદની લેવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે સદર તપાસના કામે કોઈ વાહનનો આધાર મે આ કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે પંચો રાંઢીયા ગામના રહેવાસી છે જે બનાવવાળી જગ્યાએથી બે કિ.મી. દુર આવેલા છે. એ વાત ખરી છે કે અટક પંચનામાના પંચો અમરેલીના છે જે બનાવવાળી જગ્યાએથી પંદર કિ.મી. દુર આવેલા છે. એ વાત ખરી નથી કે આરોપીઓ વિરૂઘ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરી ખોટી જુબાની આપુ છુ.''

**<u>રેકર્ડ થયેલ પુરાવાઓનું મૂલ્યાંકન :–</u>**

(૯) આ કામે ઉપરોકત રજૂ થયેલ પુરાવા સાથે કાયદાના સિઘ્ધાંતો ઘ્યાને લેતાં ફોજદારી ન્યાયતંત્રના સ્થાપિત સિઘ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય છે કે જયારે સાહેદ સોગંદ ઉપર જુબાની આપે છે, ત્યારે તેઓ પોતાના જ્ઞાન અને માહિતી મુજબ સાચુ જ બોલતા હોય છે, સિવાય કે તેનાથી વિરૂઘ્ધની હકીકતો સાબિત કરવામાં આવે. જયાં સુધી એવી હકીકત સાબિત કરવામાં ના આવે કે સાહેદને ખોટુ બોલવા કોઈ કારણ છે, ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતું નથી. "પુરાવાનું મૂલ્યાંકન" શબ્દને પુરાવાના કાયદામાં કયાંય વ્યાખ્યાબઘ્ધ કરવામાં આવેલ નથી, કે તે

માટે કાનૂન સમર્થીત કોઇ નિયમ નથી. પુરાવાનું મૂલ્યાંકન કેવી રીતે કરવું તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારિત હોય છે. ક્રિમીનલ જસ્ટીસ સિસ્ટમમાં સત્ય શું છે તેનો નિર્ણય કરવા માટે ફરિયાદપક્ષ ધ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાની છણાવટ ઉપર આધાર રહેલ છે. પુરાવાની છણાવટ કેવી રીતે કરવી તે માટેના કોઇ ચોકકસ નિયમો ઘડવામાં આવેલા નથી કારણ કે દરેક કેસની હકીકતો પુરાવો આજુબાજુના પરીબળો તે તમામે તમામ હકીકતો ભિન્ન ભિન્ન પ્રકારના હોય છે. પુરાવાના મૂલ્યાંકનનો આધાર ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ : ૨ માં કરવામાં આવેલી સાબિત અને નાસાબિતની વ્યાખ્યા પર આધારિત છે.

(૧૦) ફોજદારી કાર્યવાહીમાં સામાન્ય રીતે પુરાવાનો બોજો ફરિયાદપક્ષ ઉપર રહે છે. ફરિયાદ પક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. દીવાની કાર્યવાહીમાં જે રીતે સંભવિવતા દર્શાવવામાં આવતી હોય છે, તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી. ફોજદારી કાર્યવાહીના તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી. ફરિયાદપક્ષે માત્ર સંભવિતતા જ દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી પરનું તહોમત નિ:શંકપણે વાજબી શંકાથી પર પુરવાર કરવાનું રહે છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપી જો કોઇ અપવાદોનો લાભ લેવા માંગતા હોય તો પણ તેમણે ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ : ૧૦૮ મુજબ સંભવિતતા દર્શાવવાની રહે છે, આરોપીએ અપવાદ માહેની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી.

(૧૧) ફરિયાદપક્ષ તરફે રજૂ થયેલ મૌખિક પુરાવાનું તેમજ દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ તેની સાથે ઉભય પક્ષકારો તરફે કરાયેલ વિસ્તૃત મૌખિક દલીલો ધ્યાને લેતાં તેમજ હાથ ઉપર રહેલ કેસનું રેકર્ડ વંચાણે લેતા સ્પષ્ટ થાય છે કે આ કામના આરોપી સામે **ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ : ૩૮૦, ૪૫૪, ૪૫૭, ૧૧૪** મુજબના ગુન્હાનો આરોપ રહેલ છે. ફોજદારી કાયદા શાસ્ત્રના પ્રસ્થાપિત સિધ્ધાંત અનુસાર, આરોપી

સામે આક્ષેપાયેલ ગુન્હાહિત કૃત્યની હકિકતો ફરિયાદપક્ષ દ્રારા નિ:શંકપણે પુરવાર કરવી જોઇએ.

**(૧૨) ઉપરોકત તમામ સંજોગો ધ્યાને રાખી વિશ્લેષણ કરીએ તો,** ફરિયાદપક્ષે આ કામે આંક-૪૮ થી ફરીયાદી પોપટભાઇ વીરજીભાઇ ઉઘાડને સોગંદ ઉપર તપાસેલા છે, તેઓની જુબાની વંચાણે લેતાં ફરીયાદીના ગામના બુટવાળા ખેતરમાં દસ વીઘાની જમીન આવેલ છે તેમા ૨ વીઘામાં ડુંગળી, ૨ વીઘામાં લસણ અને છ વીઘામાં ચણાનું વાવેતર કરેલ. જે તેમની વાડીમાં એમ.પી. ના મજુર એક ભાઇ અને એક બહેન ભાગીયા તરીકે ખેતીકામ કરતા હતા અને તેઓ આ ફરીયાદ આપ્યા પહેલા દોઢ માસ પહેલા વતન એમ.પી. માં જતા રહેલ. ફરીયાદીની વાડીમાં ખેતરનો પાક થતા તેઓએ લસણ આશરે ૮૦ મણ જેટલુ કોથળામાં ભરીને વાડીએ મુકેલુ હતુ અને તેમની વાડીએ અવારનવાર જતા હતા. તેઓએ લસણનો ભાગ પાડેલ ન હતા. રાત્રીના એક વાગ્યે તેઓ તથા તેમનો નાનો ભાઇ જયંતિ વાડીએ હતા અને ખેતરમાં ૨૫ જેટલા કોથળા ભરેલા હતા અને તે જ સ્થિતિ મા હતા આ કોથળા જોઇને તેઓ ઘરે જતા રહેલા અને બીજા દિવસે ૮:૩૦ વાગ્યે તેમની વાડીની બાજુમાં બીજી વાડી આવેલી તેમાં તેઓ પાણી વાળતા હતા અને પાણી વાળ્યા બાદ તેઓ તેમની વાડીએ ગયેલા ત્યારે તેમનુ લસણ વેરવિખેર હાલતમા હતુ અને લસણના કોથળા ચોરાઇ ગયેલા હતા. લસણના કોથળા ચોરાઇ ગયેલા તેની કિંમત આશરે ૪૦,૦૦૦/- ની હતી. જેથી આજુબાજુમાં તપાસ કરેલ પરંતુ સદર લસણ ચોરાયેલા કોથળા મળી આવેલા નહી જેથી તેઓએ લસણ ચોરી થયેલા બાબતની ફરીયાદ આપેલ હોવાનુ જણાવે છે તેમજ ચોરાયેલ લસણમાંથી ૧૮ મણ લસણ પરત મળી ગયેલ છે અને બાકીના લસણ બાબતે તેઓને કોઇ વાંધો તકરાર નથી તેમ જણાવેલ છે. વધુમાં ફરીયાદી આરોપીઓ સાથે રાજીખુશીથી સમાધાન થયેલ હોવાની હકીકત જણાવે છે. જયારે ફરીયાદી ઉલટતપાસમાં કબુલ રાખે છે કે બનાવ સમયે તેઓ ઘરે હતા બનાવ રાત્રીના બનેલો જેથી ચોરી કોણે કરેલ તેની તેમને ખબર નથી. તેમને ચોરાઇ ગયેલ મુદામાલ લસણ પરત મળી ગયેલ છે તેમ જણાવે છે. સદર હકીકતે ફરીયાદી તેમની જુબાનીમાં તેઓના ખેતરમાંથી અજાણ્યા ઇસમો

લસણ ચોરી ગયેલ હોવાનુ જણાવે છે પરંતુ આ તેમના ખેતરમાંથી થયેલ લસણની ચોરી કોણે કરેલ છે તેની તેમને ખબર નથી તેમજ આ ચોરી હાલના આરોપીઓ દ્રારા જ કરવામા આવેલ હોય તેવી પણ કોઇ હકીકત ફરીયાદીની જુબાની પરથી પુરવાર થતી નથી. આથી હાલના આરોપીઓ વિરુધ્ધનો કોઇ પુરાવો ફરીયાદીની જુબાની પરથી નીકળી આવતો નથી.

ફરીયાદપક્ષે આંક–૫૬ થી તપાસવામાં આવેલ સાહેદ જીવીબેન પોપટભાઇ ઉધાડ તથા આંક–૫૭ ના સાહેદ જેન્તીભાઇ વીરજીભાઇ ઉધાડનાઓ જણાવે છે કે, ફરીયાદીએ તેઓને તેમની વાડીમાં રાખેલ લસણ કોઇ જાળી ઉચકાવી તેમાંથી કોથળા કાઢી રાત્રીના ચોરી ગયેલાનુ જણાવે છે તેમજ કોઇ ચોર ઇસમ ચોરી ગયેલ હોય અને લસણ વેરવિખેર હાલતમાં પડેલ હતુ અને તપાસ કરતા કયાંય મળી આવેલ ન હતુ તેમ જણાવે છે પરંતુ આ લસણની ચોરી કેવી રીતે અને કોના દ્રારા કરવામા આવેલ છે તેવી કોઇ હકીકત સાહેદોએ તેમની જુબાનીમાં જણાવેલ નથી. વધુમાં સદર સાહેદો બનાવ વિશે તેમને કોઇ અંગત માહિતી નથી તેમ કબુલ રાખતા હોય જેથી સદર સાહેદોની જુબાની પરથી ચોરી થયેલ લસણ હાલના આરોપીઓ દ્રારા ચોરી થયેલ હોવા અંગેના ફરીયાદપક્ષના કેસને સમર્થન મળતું નથી. જેથી આ સાહેદોની જુબાની મદદરૂપ નથી.

ફરીયાદપક્ષે આંક–૬૧ થી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ તથા આંક–૬૨ થી મુદામાલ કબજે કર્યાનુ પંચનામુ તથા આંક–૬૩ થી આરોપીને અટક કર્યા તથા મુદામાલ કબજે કર્યા અંગેનુ પંચનામુ તથા આંક–૬૪ થી આરોપીનુ અટક પંચનામુ રજૂ રાખવામાં આવેલ છે જે પંચનામાઓને સાબીત કરવા કોઇ પંચસાહેદોને ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ નથી. પરંતુ બચાવપક્ષે સદરહું પંચનામાઓને આંકે પાડવા સામે વાંધો નથી તેવો શેરો કરેલ છે. આથી આંક–૬૧ થી રજુ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ વંચાણે લેતાં બનાવ રાંઢીયા ગામથી આરે એકાદ કિ.મી. દુર લુણીધાર જવાના રસ્તે બુટવાળુ નામની વાડી રોડથી દક્ષીણ દિશા તરફથ રોડથી આશરે ચાલીસ ફુટ દુર ફરીયાદીની ૧૦ વિઘાની વાડી આવેલ હોય જે વાડીથી રોડની બાજુમાં

વચ્ચેના ભાગે રોડના કાઠે શેઢા ઉપર એક પાકુ વિલાયતી નળીયાવાળુ ઓસરી ઉપર મકાન આવેલ છે ત્યા બનાવ બનેલ હોવાનુ જણાય આવે છે તથા આંક–૬૨ થી રજૂ પંચનામા પરથી આરોપીઓ પાસેથી મુદામાલ કબજે કરવામા આવેલ તેમજ આંક–૬૩, ૬૪ થી આરોપીઓને અટક કરવામાં આવેલ છે. વધુમાં હાલના કામે રજૂ આંક–૬૧ થી આંક–૬૪ સુધીના પંચનામાઓ સંદર્ભે કોઈપણ પંચસાહેદોને તપાસવામાં આવેલ ન હોય ત્યારે સરદહું પંચનામાઓને આંક આપવા માત્રથી પુરવાર થઈ જતા હોવાનું માની શકાય નહી. આથી રજુ થયેલ આંક–૬૧ થી આંક–૬૪ સુધીના પંચનામાઓ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થઈ શકે તેમ નથી.

ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૬૫ થી સાહેદ જાવીદભાઈ કાદરભાઈ ચૌહાણનાઓને સોગંદ ઉપર તપાસેલા છે, તેઓ એલ.સી.બી. ઓફીસમાં તેમની ફરજ પર હાજર હતા તે દરમ્યાન બાતમી મળતા સાવરકુંડલા બાયપાસ ચોકડીએ નીકળેલ બોલેરો ઉભી રાખી ચેક કરતા ડ્રાઈવરની સીટ પર સુનીલભાઈ વીરજીભાઈ સોલંકી તથા બીજા ઈસમ અજયભાઈ નાથાભાઈ સોલંકી તથા ત્રીજો ઈસમ પ્રવિણભાઈ ચંદુભાઈ સોલંકી જણાવેલ તેઓના કબજામાંથી બોલેરો ગાડીમાં ભરેલ લસણની ગુણી કુલ નંગ–૨૫ મળી આવેલ જે બાબતે તેઓએ સંતોષકારક ખુલાસો નહીં કરતા લસણ તથા બોલેરો કબજે કરવામા આવેલ અને આ લસણની ગુણીઓ વિશે પુછતા તેણે લુણીધાર ગામેથી વાડીની ઓસરીમાંથી આ ગુણીઓ ચોરી કરેલ હોવાની કબુલાત આપેલ હોય, તમામ મિલકત સી.આર.પી.સી. ક.૧૦૨ મુજબ કબજે કરી આરોપીની અટક કરવામા આવેલ જે અંગેનુ પંચનામુ પંચોના લખાવ્યા મુજબનુ લખી લેવામા આવેલ અને તેની નીચે તેઓએ રૂબરૂ તરીકે સહી કરેલ જે આંક–૬૪ વાળુ પંચનામામા પોતાની સહી ઓળખી બતાવે છે. સદર હકીકતે સાહેદ એ હાલના આરોપીઓને લસણની ચોરી બાબતેની કબુલાતના આધારે અટક કરેલ હોવાનુ જણાવે છે પરંતુ આ ચોરી થયેલ લસણ જે વાહન બોલેરોમાંથી મળી આવેલ તે બોલેરો વાહન હાલના આરોપીઓનું જ હોવા બાબતેનો કોઈ આધાર કે પુરાવો આ કામે રજુ રાખેલ નથી. તેમજ આ કામે મહત્વના સાક્ષી એવા ફરીયાદી કે બનાવમાં

જેઓનું લસણ ચોરી થયેલ છે તેઓની જુબાની વંચાણે લેતાં બનાવ સમયે તેઓ ઘરે હતા બનાવ રાત્રીના બનેલો ચોરી કોણે કરેલ તેની તેમને ખબર નથી. જે હકીકત મુજબ હાલના આરોપીઓ દ્વારા ફરીયાદીના લસણની ચોરી કરવામા આવેલ હોવાની કોઇ હકીકત નિ:શંકપણે પુરવાર થતી નથી. વધુમાં સદર સાહેદના જણાવ્યા મુજબ પંચોના લખાવ્યા મુજબ આરોપીનુ અટક પંચનામુ લખી અને તેઓએ સહી કરેલ હોવાનુ જણાવે છે પરંતુ આ કામે આંક–૬૪ ના પંચનામાના કોઈપણ પંચસાહેદને ફરીયાદપક્ષ તરફે તપાસી તેઓની જુબાની આ કામે રજુ નથી. સદરહું પંચનામાને બચાવપક્ષે માત્ર આંકે પાડવા સામે વાંધો નથી તેવો શેરો કરેલ હોય જે માત્રથી રજૂ પંચનામાની હકીકત પુરવાર થતી હોવાનું માની શકાય નહી. આમ, આ સાહેદના પુરાવાથી હાલના આરોપીઓ વિરુધ્ધની ફરીયાદપક્ષ તરફેની ફરીયાદ હકીકતને શંકાથી પર પુરવાર કરવામાં આવેલ ન હોય જેથી તેઓની જુબાની પરથી હાલના આરોપીઓને કસુરવાર ઠેરવી શકાય નહી. ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૬૬ થી ત.ક.અમલદાર જવસીંગભાઈ ખેતાભાઈ ડામોર ને સોગંદ ઉપર તપાસેલા છે, તેઓએ તેમની ફરજ દરમ્યાન આ કામે ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરી આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવેલ હોય પંચનામાની વિગતે આરોપીઓની અટક કરી મુદામાલ કબજે કરેલ તેમજ આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલ હોવાનુ જણાવે છે. તેમજ ત.ક.અ.શ્રી ઉલટતપાસ દરમયાન કબુલ રાખે છે કે, એ વાત ખરી છે કે, સદર તપાસના કમે કોઈ વાહનનો આધાર મે આ કામે રજુ રાખેલ નથી. જેથી પણ ત.ક.અ.શ્રી એ તેઓએ તેમની ફરજના ભાગરૂપે કરેલી કામગીરી જણાવેલ છે. આ સિવાય હાલના આરોપીઓ વિરુધ્ધની ફરીયાદ હકીકતને સમર્થનકારક કોઈ હકીકત ફલિત થયેલ ન હોય ત્યારે ફરીયાદપક્ષને ફરીયાદ હકીકતને નિ:શંકપણે પુરવાર કરવામાં આવેલ નથી. આ સંજોગોમાં આરોપીઓ સામેના આક્ષેપયુકત અપરાધને વ્યાજબી શંકાથી પર ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી.

(૧૩) આમ, ફરીયાદપક્ષ તરફે હાલના આરોપીઓની ગુનામાં સંડોવણી હોય તે નિ:શંકપણે પુરવાર કરવા માટે પુરતો પુરાવો રજુ કરેલ

નથી. આમ, ફરીયાદપક્ષ તરફે સદર ગુનામાં આ આરોપીઓ સંડોવાયેલ છે કે કેમ? તે નિ:શંકપણે પુરવાર કરેલ નથી. ફરીયાદપક્ષે તેનો કેસ સબળ અને વિશ્વસનીય પુરાવાઓથી પુરવાર કરવાનો હોય છે. જયારે ફરીયાદપક્ષના કેસમાં વ્યાજબી શંકા ઉપસ્થિત થતી હોય તો તેનો લાભ આરોપીઓને મળે છે. આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવાનું મુલ્યાંકન તેની સમગ્ર અસર ઉપર આધાર રાખીને કરવાનું રહે છે. અલગ અલગ હકીકતોનું મુલ્યાંકન કરીને ગુનો પુરવાર માનવો તે સલામત ગણાય નહી. વધુમાં ફરીયાદપક્ષની એ ફરજ છે કે તેણે તે સિવાય માનવાલાયક સબળ સ્વતંત્ર પુરાવો રજુ કરી આરોપી વિરૂધ્ધનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવુ પડે. જેથી ઉપરોકત કરેલ ચર્ચા મુજબ બનાવના સમયે અને સ્થળેથી હાલના આરોપીઓએ આ કામે ફરીયાદમા જણાવ્યા મુજબની ચોરી કરી ગુન્હો કરેલ હોવાની હકીકત નિ:શંકપણે પુરવાર કરેલ ન હોય, આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ફોજદારી સંહિતા, ૧૮૬૦ ની કલમ – ૩૮૦, ૪૫૪, ૪૫૭, ૧૧૪ મુજબના ગુનાના આવશ્યક તત્વો પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે તેવા સંજોગોમાં હાલના આરોપીઓને કસુરવાર ઠેરવી શકાય તેમ નથી તેવુ અત્રેની અદાલતનું નમ્રપણે માનવું છે. આમ, આક્ષેપિત ગુનાની જોગવાઈઓ લેખિત તેમજ મૌખિક પુરાવો કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત નામદાર ઉચ્ચ અદાલતના ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો વિગેરે ધ્યાને રાખી મુદા નં.૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે. તેમજ મુદા નં.૨ પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>:: હુ ક મ ::</u>**

**(૧) ક્રિ. પ્રો. કોડની કલમ : ૨૪૮(૧) અન્વયે હાલના કામના આરોપીઓને ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ : ૩૮૦, ૪૫૪, ૪૫૭, ૧૧૪ મુજબના ગુન્હામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.**

**(૨) અપીલ સમય વિત્યેથી : મુદામાલ પાવતીની વિગતે કબજે લેવાયેલ વાહન ફોરવ્હીલ તથા મોબાઈલ અંગે અગાઉ જો કોઇ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે શરતો વિના કાયમ કરવો અન્યથા મુદામાલના મૂળમાલીકની ખરાઈ કરી પરત સોંપવો તેમજ કબજે લેવાયેલ મુદામાલ ખાલી કોથળાઓ નંગ–૨૫ નિયમ મુજબ નિકાલ કરવો. મુદામાલ પાવતીની વિગતે કબજે લેવાયેલ લસણ ભરેલ કોથળાઓ અંગે અગાઉ થયેલ હુકમ મુજબ ફરીયાદીને તેમનુ લસણ પરત મળી ગયેલ હોય જેથી તે અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.**

**(૩) ક્રિ. પ્રો. કોડની કલમ : ૪૩૭ (એ) અન્વયે આરોપીઓએ રૂ. ૫,૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર) પુરાના જાત તથા તેટલી જ રકમના એક સધ્ધર જામીન આપવાના રહેશે.**

હુકમ આજરોજ તા. **૦૯ મી,** માહે : **જૂન,** સને : **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**તા. ૦૯/૦૬/૨૦૨૬**
**સ્થળ : અમરેલી**

**(સાહીલભાઇ રજાકભાઇ મુલતાની)**
**પ્રિન્સીપાલ સિનીયર સિવીલ જજ અને**
**અધિક ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ**
**અમરેલી**
**જી.જે. ૦૧૧૪૩**